# કોલલેટરનો નમૂનો

## લોકરક્ષક ભરતી બોર્ડ ૨૦૨૧ દસ્તાવેજ ચકાસણી માટેનું પ્રવેશ પત્ર

**લોકરક્ષક ભરતી બોર્ડ**

**દસ્તાવેજ ચકાસણી માટેનું પ્રવેશપત્ર**

બારકોડ

**કન્ફર્મેશન નંબરઃ**

| | | | | |
|---|---|---|---|---|
| નામ : | | | Gender : | |
| સરનામું : | | | | ઉમેદવારનો ફોટો/ સહી |
| જન્મ તારીખ : | | કેટેગરી : | | |
| દસ્તાવેજ ચકાસણીનો બેઠક ક્રમાંક<br>(ROLL NUMBER OF DOCUMENT VERIFIFCATION) | | | | |
| **દસ્તાવેજ ચકાસણીનું સ્થળ :** | | | | |
| **તારીખ:** | **સમય:** | | | |

બારકોડ

**કન્ફર્મેશન નંબરઃ**

**(હસમુખ પટેલ)**
અધ્યક્ષ, લોકરક્ષક ભરતી બોર્ડ
અને મેનેજીંગ ડાયરેકટર
ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ,
ગાંધીનગર.

### ઉમેદવાર માટેની સુચનાઓ

1. ઉમેદવારોએ તેઓને જણાવેલ તારીખ અને સમયે નિયત કરેલ સ્થળે અચુક હાજર રહેવાનું રહેશે. જો કોઇ ઉમેદવાર જણાવેલ સમયે અને તારીખે ગેરહાજર રહેશે તો ભરતી પ્રક્રીયાના આગળના તબક્કા માટે કોઇપણ પ્રકારનો હક્ક દાવો કરી શકશે નહિં.
2. તમામ ઉમેદવારોએ Writing Pad (પાટીયુ) અવશ્ય સાથે લાવવાનુ રહેશે.
3. ઉમેદવાર દ્વારા અરજી પત્રકમાં ભરેલ કેટેગરીમાં કોઇ ફેરફાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.

4. ઉમેદવારોએ તેઓના અસલ પ્રમાણપત્રો તેમજ અસલ પ્રમાણપત્રોની સ્વપ્રમાણીત કરેલ એક એક નકલ આ સાથે સામેલ **દસ્તાવેજ એનેક્ષર** મુજબના ક્રમ પ્રમાણે ગોઠવી અચુક સાથે લાવવાની રહેશે. આ તમામ પ્રમાણપત્રો તા૦૯/૧૧/૨૦૨૧ સુધીમાં ઇસ્યુ થયેલ હોવા જોઇએ.
5. દસ્તાવેજની ચકાસણી માટેના કોલલેટર મળવાથી ઉમેદવારનો ભરતી માટેનો કોઇ હકક/ દાવો રહેતો નથી. આ પ્રવેશપત્ર ફક્ત દસ્તાવેજની ચકાસણી સારુ ઉપસ્થિત રહેવા માટે આપવામાં આવી રહેલ છે. દસ્તાવેજની ચકાસણી પુરી થયા બાદ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર મેરીટ અને કેટેગીરીવાઇઝ ખાલી જગ્યાના આધારે આખરી પરીણામ બહાર પાડવામાં આવશે.
6. આ પ્રવેશપત્ર રદ્દ કરવાની કે પ્રવેશપત્રમાં જણાવેલ વિગતોમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો બોર્ડ/સરકારશ્રીનો સંપૂર્ણ હક્ક અને અધિકાર રહેશે. બોર્ડ/સરકારશ્રી આ માટે કારણો આપવા બંધાયેલ નથી.
7. કોવીડને લગતી સરકારશ્રીની પ્રવર્તમાન સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.
8. ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઈપણ ઉમેદવાર ગેરલાયક હોવા છતાં તેમને યાંત્રિક, કલેરીકલ અથવા બીજી કોઈપણ ભૂલના લીધે લાયક ગણવામાં આવેલ હશે અગર પસંદ કરવામાં આવેલ હશે, તો કોઈપણ તબક્કે તે રદ થવા પાત્ર રહેશે.
9. ઉમેદવાર દ્વારા કોઇપણ બનાવટી કે ખોટુ પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે તો તેને ગેરલાયક ઠેરવવામાં આવશે. બનાવટી પ્રમાણપત્રને આધારે નિમણૂંક આપવામાં આવેલ હશે તો પણ નિમણૂંક રદ્દ કરવામાં આવશે.
10. સરકારશ્રી/નામદાર કોર્ટ તરફથી વખતો વખત જે ચુકાદાઓ/નિર્ણયો આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.
11. આ ચકાસણી માટે ઉમેદવારે સ્વખર્ચે અને પોતાના જોખમે આવવાનું રહેશે જેની નોધ લેવી.
12. જો ઉમેદવારને કોઇ મુશ્કેલી જણાયતો પોલીસ ભરતી માટેની હેલ્પ લાઇન નંબર (૧) ૯૧૦૪૬૫૪૨૧૬ (૨) ૮૪૦૧૧૫૪૨૧૭ તથા (૩) ૭૦૪૧૪૫૪૨૧૮ ઉપર ક.૧૦:૩૦ થી ૧૮:૦૦ સુધી (રવિવાર તથા જાહેર રજાના દિવસ સિવાય) સંપર્ક કરી શકે છે. અન્ય કોઇ તકલીફ જણાય તો જરૂરી પુરાવા સાથે “પોલીસ

ભરતી બોર્ડની કચેરી, બંગલા નંબરઃ ગ-૧૨, સરિતા ઉધાનની સામે, સેકટર-૯, ગાંધીનગર રૂબરૂમાં (જાહેર રજાના દિવસ સિવાય) સંપર્ક કરી શકે છે.

દસ્તાવેજ ચકાસણી દરમ્યાન જો આપની ઉમેદવારી કોઇપણ કારણસર રદ કરવામાં આવે અને જો આપને તે અંગે વાંધો હોય તો જરૂરી પુરાવા સાથે અપીલ અધિકારી સમક્ષ અપીલ કરી શકો છો. અપીલ અધિકારીનું નામ/સરનામું તથા તારીખ/સમય ભરતી બોર્ડની વેબસાઇટ lrdgujarat2021.in પર જાહેર કરવામાં આવશે.

દસ્તાવેજ ચકાસણીને લગતી તથા લોકરક્ષક ભરતીને લગતી વિગતો ભરતી બોર્ડની વેબસાઇટ lrdgujarat2021.in પર જાહેર કરવામાં આવશે. જેથી ઉમેદવારોએ લોકરક્ષક ભરતી બોર્ડની વેબસાઇટ ઉપરની વિગતો નિયમિત જોતા રહેવુ સલાહભર્યુ છે.

ઉમેદવારો નીચે આપેલ સંવર્ગની પોતાની ઇચ્છા મુજબના ક્રમમાં પસંદગી કરી શકે છે. જે ઉમેદવારોએ પસંદગી આપેલ નહી હોય તો તેવા કિસ્સામાં બોર્ડનો નિર્ણય આખરી રહેશે. આ અંગે આ સાથે સામેલ **નોકરીના પસંદગી ક્રમનું એનેક્ષર** ભરી, સહી કરી સાથે લાવવાનું રહેશે.

(૧) બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ
(૨) હથિયારી પોલીસ કોન્સ્ટેબલ
(૩) એસ.આર.પી.એફ. કોન્સ્ટેબલ

# <u>દસ્તાવેજ એનેક્ષર</u>

A. જન્મ તારીખના પુરાવા તરીકે એસ. એસ. સી. અથવા તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે શાળા છોડ્યાના પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ સ્પષ્ટ દર્શાવેલ હોય .

B. ધોરણ-૧૨ અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર તથા ગુણપત્રક.

C. તમામ ઉમેદવારે ભરતી બોર્ડની વેબસાઇટ www.lrdgujarat2021.in ઉપર મુકવામાં આવેલ “દસ્તાવેજ ચકાસણી સમયે ઉમેદવાર તરફથી ભરવાનું થતુ ફોર્મ” ડાઉનલોડ કરી અંગ્રેજી ભાષામાં સંપૂર્ણ રીતે વિગતો ભરી અવશ્ય સાથે લાવવાનુ રહેશે.

D. અનામત જાતિ માટે ગુજરાત સરકારશ્રીના સક્ષમ અધિકારીશ્રી દ્વારા અપાયેલ જાતિ અંગેના પ્રમાણપત્ર.

i. આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ થી નિયત કરેલ નમૂના (અંગ્રેજી)માં Annexure-KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) મુજબ મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગ (EWS) નું પાત્રતા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૧૩/૦૯/૨૦૧૯ તથા તા.૨૬/૦૬/૨૦૨૦ના સરખા ક્રમાંકના ઠરાવથી આર્થિક રીતે નબળા વર્ગ (EWS) ના પાત્રતા પ્રમાણપત્રની માન્યતા ઇશ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. પરંતુ તા.૨૫.૦૧.૨૦૧૯ થી તા.૧૨.૦૯.૨૦૧૯ સુધીમાં ઇશ્યુ થયેલ EWS પાત્રતા પ્રમાણપત્રની વધારેલ અવધીનો લાભ લેવા માટે ઉમેદવારે તેના કુટુંબની આવકમાં વધારો થયેલ નથી અને તેઓ રાજય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલા પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તેવી સાદા કાગળમાં લોકરક્ષક ભરતી બોર્ડની વેબસાઇટ lrdgujarat2021.in ઉપર <u>**EWS એનેક્ષરની લીંકમાં**</u> મૂકવામાં આવેલ નમૂના મુજબની બાહેંધરી દસ્તાવેજ ચકાસણી સમયે રજુ કરવાની રહેશે.

ii. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તે જ્ઞાતિના મળવાપાત્ર લાભ લેવા માટે સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૨૬.૦૪.૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ થી જણાવ્યા મુજબ બિન ઉન્નત વર્ગ (Non Creamy Layer) અંગેના પ્રમાણપત્રની અવધિ આવુ પ્રમાણપત્ર જે નાણાકીય વર્ષમાં મેળવ્યુ હોય તે સહિત ત્રણ નાણાકીય વર્ષ સુધીની રહેશે. પરંતુ, સદરહુ ઠરાવમાં જણાવ્યા મુજબ આ અવધી દરમ્યાન બિનઉન્નત વર્ગ પ્રમાણપત્ર માટેના કોઇપણ માપદંડમાં ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે. જો ઉમેદવાર/વાલી આવી કોઇપણ માહિતી છુપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને ભરતી થયેલ હશે તો પણ ગેરલાયક ઠરશે. આ પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૧૯ થી તા.૦૯/૧૧/૨૦૨૧ સુધીમાં ઇસ્યુ થયેલ હોવું જોઇએ. અન્ય કોઇ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિ.

સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૨૫.૦૨.૨૦૨૨ના પરિપત્ર ક્રમાંકઃ સશપ/૧૨૨૦૨૨/૮૬૩૫/અ અન્વયે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોના જાતિ અંગેના પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઇ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા કરવાની રહેતી હોઇ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ લોકરક્ષક ભરતી બોર્ડની વેબસાઇટ lrdgujarat2021.in ઉપર **SEBC એનેક્ષરની લીંકમાં** મૂકવામાં આવેલ યાદી મુજબના દસ્તાવેજો તેમજ ફોર્મમાં વિગતો ભરી દસ્તાવેજ ચકાસણી સમયે અસલ દસ્તાવેજો સાથે રજુ કરવાનું રહેશે.

iii. અનુસુચિત જન જાતિ (ST) વર્ગના ઉમેદવારોના જાતિ અંગેના પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઇ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૧૦/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦૨૦૧૮-૪૬૧૨૩૯-ગ.૨ માં જણાવ્યા મુજબ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર દ્વારા કરવાની રહેતી હોવાથી અનુસુચિત જન જાતિ (ST) વર્ગના

ઉમેદવારોએ લોકરક્ષક ભરતી બોર્ડની વેબસાઇટ lrdgujarat2021.in ઉપર **<u>ST એનેક્ષરની લીંકમાં</u>** મૂકવામાં આવેલ યાદી મુજબના દસ્તાવેજો તેમજ ફોર્મમાં વિગતો ભરી દસ્તાવેજ ચકાસણી સમયે અસલ દસ્તાવેજો સાથે રજુ કરવાનું રહેશે.

iv. અનુસુચિત જાતિ (SC) વર્ગના ઉમેદવારોના જાતિ અંગેના પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઇ સંયુક્ત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા કરવાની રહેતી હોવાથી અનુસુચિત જાતિ (SC) વર્ગના ઉમેદવારોએ લોકરક્ષક ભરતી બોર્ડની વેબસાઇટ lrdgujarat2021.in ઉપર **<u>SC એનેક્ષરની લીંકમાં</u>** મૂકવામાં આવેલ યાદી મુજબના દસ્તાવેજો તેમજ ફોર્મમાં વિગતો ભરી દસ્તાવેજ ચકાસણી સમયે અસલ દસ્તાવેજો સાથે રજુ કરવાનું રહેશે.

E. એન.સી.સી. “સી” સર્ટીફીકેટ નિયત કરેલ નમુના મુજબનું (જો હોય તો).

F. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી / રક્ષાશક્તિ યુનિવર્સિટીનું પ્રમાણપત્ર (જો હોય તો).

G. રમતવીરો માટે માન્ય રમતગમતના સરકારશ્રીના વખતોવખતના પરીપત્રો મુજબનું અધિકૃત અધિકારી દ્વારા ઇશ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર.

H. વિધવા મહિલા ઉમેદવારોએ પોતાના પતિના અવસાન થયેલાનું પ્રમાણપત્ર તેમજ પુન: લગ્ન કરેલ નથી તેનું બાંહેધરી પત્ર.

I. માજી સૈનિકના કિસ્સામાં આર્મી/નેવી/એરફોર્સના સક્ષમ સત્તાધિકારી દ્વારા અપાયેલ ડિસ્ચાર્જ પ્રમાણપત્ર તથા ઓળખપત્ર.

J. ઉમેદવારે પોતાની ઓળખ માટેનો પૂરાવો અસલમાં, આધાર કાર્ડ, ડ્રાઇવીંગ લાઇસન્સ, પાન કાર્ડ, ચુંટણી કાર્ડ પૈકી કોઇપણ એક પૂરાવો પોતાની સાથે રાખવાનો રહેશે.

K. તમામ ઉમેદવારે ભરતી બોર્ડની વેબસાઇટ www.lrdgujarat2021.in ઉપર મુકવામાં આવેલ **<u>“દસ્તાવેજ ચકાસણી સમયે ઉમેદવાર તરફથી ભરવાનું થતુ ફોર્મ</u>”** ડાઉનલોડ કરી અંગ્રેજી ભાષામાં સંપૂર્ણ રીતે વિગતો ભરી અવશ્ય સાથે લાવવાનુ રહેશે.

**નોકરીના પસંદગી ક્રમનું એનેક્ષર**

# લોકરક્ષક ભરતી બોર્ડ ૨૦૨૧

## ઉમેદવારે પોલીસ કોન્સ્ટેબલ વર્ગ-૩ સંવર્ગની જગ્યા માટેની પસંદગી ક્રમનું ફોર્મ

**[The Police Constable, Class III (Combined Competitive Examination) Rules-2021 ના નિયમ ૧૭ (૩)મુજબ]**

પ્રતિ,
અધ્યક્ષશ્રી,
લોકરક્ષક ભરતી બોર્ડ, ગાંધીનગર.

**વિષય :- લોકરક્ષક ભરતી અંતર્ગત પોલીસ કોન્સ્ટેબલ વર્ગ-૩ સંવર્ગની જગ્યા માટેની પસંદગીના વિકલ્પ બાબત.**

સવિનય ઉપરોકત વિષય અનુસંધાને જણાવવાનું કે, લોકરક્ષક ભરતી અંતર્ગત સંવર્ગ ક્રમ પસંદગી સબંધી મારી વિગતવાર હકીકત નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | ઉમેદવારનું પુરુ નામ : |
| (૨) | પુરેપુરૂ સરનામું : |
| (૩) | કન્ફર્મેશન નંબર : |
| (૪) | દસ્તાવેજ ચકાસણીનો બેઠક ક્રમાંક : |

The Police Constable, Class III (Combined Competitive Examination) Rules-2016 ના નિયમ-૧૭(૩) હેઠળ લોકરક્ષક ભરતી સબંધે પોલીસ કોન્સ્ટેબલ વર્ગ-૩ અંતર્ગતની **(૧) બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (Unarmed Police Constable)માં પુરૂષ અને મહિલા ઉમેદવાર માટે (૨) હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (Armed Police Constable)માં પુરૂષ અને મહિલા ઉમેદવાર માટે (3) એસ.આર.પી.એફ. કોન્સ્ટેબલ (SRPF Constable)માં ફકત પુરૂષ** જગ્યાઓ માટેની મારી પસંદગીનો ક્રમ નીચે મુજબ છે.

| અ.નં. | પસંદગીના સંવર્ગનું નામ |
|---|---|
| ૧ | |
| ૨ | |
| ૩ | |

**ઉપરોકત નિયમ હેઠળ મેં આપેલ પસંદગી ક્રમ અંતિમ છે, અને તેમાં કોઇ ફેરફાર થઇ શકશે નહી તે હું જાણું છું. તેમજ ઉપરોકત વિકલ્પ બાબતે ભવિષ્યમાં હું પાછળથી કોઇ રજૂઆત પણ કરીશ નહી.**

**તારીખઃ-** ...............................
**સ્થળઃ-** .................................

**આપનો વિશ્વાસુ**
**ઉમેદવારની સહીઃ-**....................................
**ઉમેદવારનું નામઃ-**....................................